અપીલ અરજી નં.૮૯ તા.૭–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલની તા.૨૬–૪–૧૦ ની અરજીથી ત્રીજીશ્રેણી કલાર્કશ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૬–૧૦ ની SMC/FAP/ નં.૮૯/૨૦૧૦–૧૧

શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલની તા.૨૬–૪–૧૦ ની અરજીથી ત્રીજીશ્રેણી કલાર્કશ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ નો પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તથા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૬૯૫ તા.૨૬–૫–૧૦ થી મુદ્દા નં.૨ થી ૪ની આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૬ તા.૧૪–૬–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૮૯૭ તા.૧૬–૬–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ ઓફિસર અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને પત્ર નં.સે.ઝોનઆરટીઆઈ/જાવક/૧૬૨ તા.૩૦–૪–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ક્રમાંક ૧/૭/૨૦૦૯ ના ભારત સરકારની જાહેરનામાની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/૬૯૫ તા.૨૬–૫–૧૦ ના પત્રની નકલ, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ ધ્વારા ડે.કમિ.શ્રી (પઅનેઈ) ને મુદ્દા નં.૧ થી ૪ અંગે તબદીલ કર્યા અંગેના પત્ર નં.વીઆઈડી/આ.નં.૨૧૩ તા.૩–૫–૧૦ ના પત્રની નકલ, ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/ ૮૮૯ તા.૧૫–૬–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશનઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૪૭૪ તા.૨૧–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતીમાં ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને મુદ્દા નં.૧ થી ૪ અંગે તબદીલ કર્યા અંગેના પત્ર નં.વીઆઈડી/આ.નં.૨૧૩ તા.૩–૫–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ વિભાગને સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૬૨ તા.૩૦–૪–૧૦ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૬–૪–૧૦ ની અરજીથી ત્રીજી શ્રેણી કલાર્કશ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે અરજી કરવામાં આવેલ. જેના મુદ્દા નં.(૧) શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મ. નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકા ની નોકરીમાં જોડયા બાદ ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક લી. રાંદેર, સુરત શાખામાં સેવીગ્સ એકા. ૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યવહારની નીચે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો તે કયા કારણોસર તપાસ કરવામાં આવેલ નથી. વિગેરેની આજ દિન સુધીની પૂરેપૂરી વિગતવાર માહિતી.

**ધી સુરત ડિસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેન્ક લિ. રાંદેર, સુરત શાખામાં સેવીગ્સ એકાઉન્ટ નં.૦૦૩૩૪૧ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યવહાર નીચે મુજબ છે.**

| તારીખ | ચેક નંબર | જમા થયેલ રકમ | તારીખ | ચેક નંબર | જમા થયેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧૬–૧૨–૦૬ | ૦૦૯ | ૨૦૫૮૫.૦૦ | ૨૫–૫–૦૭ | ૦૦૭ | ૧૮૮૦૦૦.૦૦ |
| ૨૭–૧–૦૭ | ૦૧૨ | ૧૨૭૮૦.૦૦ | ૧૬–૬–૦૭ | ૦૦૯ | ૮૪૧૪.૦૦ |
| ૯–૨–૦૭ | ૦૧૭ | ૧૯૩૨૫૦.૦૦ | ૧૭–૭–૦૭ | ૦૨૧ | ૨૫૬૩.૦૦ |
| ૨૦–૨–૦૭ | ૦૦૩ | ૩૪૧૪.૦૦ | ૨૪–૮–૦૭ | ૦૦૬ | ૪૪૨૭.૦૦ |
| ૧૭–૩–૦૭ | ૦૧૧ | ૪૨૩૭.૦૦ | ૩–૧૦–૦૭ | ૦૬૬ | ૫૨૨.૦૦ |
| ૨૪–૪–૦૭ | ૦૦૯ | ૩૮૦૬.૦૦ | ૬–૧૧–૦૭ | ૦૧૨ | ૨૪૧૧.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯–૫–૦૭ | ૦૨૦ | ૪૧૧૧.૦૦ | – | – | – |

(૨)શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મ. નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા છે તે કર્મચારી સામેના આક્ષેપો બાબતે જરૂરી આધાર પુરાવા હોવા છતાં તેઓ વિરુધ્ધ સમક્ષ સત્તાના આદેશો મેળવી તે અંગેની કાર્યવાહી કઈ તારીખે પૂરી કરવામાં આવશે? તેની પુરેપૂરી માહિતી. (૩) શ્રી ભાગ્યેશકમાર પી. ઘીવાળા કર્મ. નં.૩૩૧૦૫ ના વિરુધ્ધમાં અરજદાર રાજેશભાઈ જયંતીભાઈ પટેલે જુદી જુદી તારીખે અરજી સાથે આપેલા પુરાવાઓ ધ્યાને ન લઈ કયા કારણસર અને કયા અધિકારીના મેળાપીપણામાં મજકુર કર્મચારીને રક્ષણ પુરુ પાડવામાં આવે છે? તે અધિકારીનું નામ અને તેનો કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે. આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવારદારી કોની તેની સ્પષ્ટ જવાબ આપવા વિનંતી. (૪) શ્રી ભાગ્યેશકમાર પી. ઘીવાળા કર્મ. નં.૩૩૧૦૫ ના વિરુધ્ધ સુરત મહાનગરપાલિકા તરફથી તપાસ ચાલુ હોય તો તે કર્મચારી કાયમી ધોરણે ફરજ પર લેવામાં આવશે કે કેમ? જો તેઓને કાયમી ધોરણે ફરજ પર લેવામાં આવશે તો કાયદાની કલમ મુજબ સંપૂર્ણ માહિતી માંગતી અરજી જે સેન્ટ્રલઝોન મારફતે વીજીસન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને પર્સોનલ ઓફિસર મહેકમને પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/જાવક૧૬૨ તા.૩૦–૪–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૯૫ તા.૨૬–૫–૧૦ થી " ભારત સરકારના નોટીફીકેશન ક્રમાંક ૧/૭/૨૦૦૯ આઈ આર તા.૧–૬–૦૯ મુજબ " માહિતીની વ્યાખ્યાના ફલકમાં" " શા માટે" પ્રશ્નોના જવાબોનો સમાવેશ થતો નથી. જે જવાબો નો સમાવેશ થતો નથી. જે જવાબો કોઈ બાબતની ઉચિતતા અંગેના કારણ પુછવા બરાબરની બાબતે જણાવવાનુ કે જાહેર માહિતી અધિકારી પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં. " તેવું જણાવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા.૭–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ નો જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો કયા કારણોસર તપાસ કરવામાં આવેલ નથી વિગેરેની આજ દિન સુધીની પૂરેપૂરી વિગતવાર માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.૧ થી ૪ ની સ્પષ્ટ લેખિત જવાબમાં આપવા વિનંતી. તેવું જણાવેલ છે. જે બાબતે મુદ્દા નં.૨ થી ૪ની આપેલી માહિતીના પત્ર નં.જીએડી/ઈએસટી /૬૯૫ તા.૨૬–૫–૧૦ થી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૮૮૯ તા.૧૫–૬–૧૦ થી સદર સદર અરજી બાબતે મધ્યસ્થ મહેકમ કચેરીના તા.૨૬–૫–૧૦ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૬૯૫ થી આપવામાં આવેલ જવાબ સદર મુદ્દાને પણ લાગુ પડે છે તેવું જણાવેલ છે. અરજદારની સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંકના ખાતા નં.૩૩૪૧ માં જમા થયેલ કમિશન અંગે તપાસ કરાવવામાં આવેલ છે કે કેમ?કાર્યવાહી કયારે પૂરી કરવામાં આવશે? કર્મચારીએ રક્ષણ પુરું પાડવામાં આવે છે? અને કર્મચારીને કાયમી ધોરણે ફરજ ઉપર લેવામાં આવશે કે કેમ? તેવા પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે જાહેર માહિતી અધિકારીએ માહિતીના ફલકમાં નહીં આવતા હોવાનું જણાવેલ છે. વધુમાં મુદ્દા નં.૨ કાર્યવાહી પૂરી કરવામાં આવશે મુદ્દા નં.૪ કાયમી ધોરણે લેવાશે તેવા ભવિષ્યના સવાલો બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે તથા અરજદારના મુદ્દા નં.૧ખાતા તપાસ અંગેની માહિતી અને મુદ્દા નં.૩ અરજીમાં આપેલા પુરાવાઓ ધ્યાનમાં રાખવા બાબતે આરટીઆઈ કાયદાની કલમ –૮(૧)(ટ) ના અપવાદને અનુલક્ષી યોગ્ય તે પ્રત્યુત્તર પાઠવવાનો રહે પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તપાસ અંગે કોઈ જ પ્રત્યુત્તર પાઠવેલ નથી. તેવી રીતે મુદ્દા નં.૩ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવી રહે. જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ કરેલ ભારત સરકારના જાહેરનામા ધ્વારા કાયદાકીય જોગવાઈમાં સુધારો થયેલ નથી. તે માત્ર માર્ગદર્શનરૂપ છે. તે સંજોગોમાં કાયદાની જોગવાઈ સર્વોપરી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૪–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં મુદ્દા નં.૧ તથા ૩ ની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે. અરજદારના મુદ્દા નં.૨ અને ૪ અંગેની માહિતી ભવિષ્યની કાર્યવાહીને લગતી હોઈ કલમ–૨ ની જોગવાઈ ધ્યાને લેતાં તેટલા મુદ્દાની અપીલ ગ્રાહય રાખવાપાત્ર થતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી,ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ) .. ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલ,